**વર્ગ—૩ અને વર્ગ—૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીક્સ પગારથી નિમણુંક આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ગ.પ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૩/૧૦/૨૦૧૫

**વંચાણે લીધાઃ-** (૧) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- સીઆરઆર/ ૧૧/ ૨૦૧૫/ ૩૧૨૯૧૧/ગ.પ, તા.૨૩/૧૦/૨૦૧૫.

(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/ ૧૧/ ૨૦૦૮/ ૪૩૩૭૧૭/ગ.પ, તા.૦૪/૦૬/૨૦૦૯.

## ઠરાવઃ-

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૯.ક. થી રાજ્ય સરકાર હેઠળ વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીક્સ પગારથી નિમણુંક આપવાની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૯.ક.(૩)માં કરારના સમયગાળા દરમ્યાન કોમ્પ્યુટરની જાણકારી માટેની સી.સી.સી.ની પરીક્ષા પાસ કરવાની જોગવાઇ છે તેમાં વંચાણ (૧) મુજબના જાહેરનામાથી સુધારો કરવામાં આવેલ છે અને તે મુજબ કરાર આધારે ફીકસ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીએ કરાર ના સમયગાળા અથવા ત્યારબાદના બે વર્ષના સમયગાળામાં સી.સી.સી.ની પરીક્ષા પાસ કરવાની રહે છે. આ સૂધારાના કારણે વંચાણ (૨) મુજબના ઠરાવથી નિયત કરવામાં આવેલ કરારની શરતો અને બોલીઓમાં પણ સુધારો કરવાનો થાય છે. જે આથી નીચે મુજબ કરવામાં આવે છે.

૧. તા. ૪/૬/૨૦૦૯ના ઠરાવ સાથેના પત્રક-૧ના ક્રમાંક-૧૧(૨) ની શરત રદ કરીને તેના સ્થાને નીચે મુજબની શરત દાખલ કરવામાં આવે છે

"(૨) કરાર આધારે ફીક્સ પગારે નિમણુંક મેળવેલ કર્મચારીએ કરારીય સમયગાળા દરમ્યાન નિયત પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરેલ હોય અને અન્ય રીતે કરારીય સમયગાળા દરમ્યાન સંતોષકારક કામગીરી બજાવેલ હોય તો તેવા સંજોગોમાં સંબંધિત કર્મચારી દ્વારા કરારીય સમયગાળા દરમ્યાન જે ગેરહાજરી ભોગવવામાં આવી હોય તેવી ગેરહાજરીનો સમયગાળો ઉમેરી, તેઓને સી.સી.સી. પરીક્ષા પાસ ન કરી હોય તો પણ કરારીય સમયગાળો પૂર્ણ કરી નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવાની રહેશે. આવા ઉમેદવારાએ નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક થયાની તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર જ્ઞાનની સી.સી.સી.ની પરીક્ષા પાસ કરવાની રહેશે."

૨. તા. ૪/૬/૨૦૦૯ના ઠરાવ સાથેના પત્રક-૧ના ક્રમાંક-૧૨(૨) ની શરત રદ કરીને તેના સ્થાને નીચે મુજબની શરત દાખલ કરવામાં આવે છે

"જે કર્મચારી કરારના સમયગાળા દરમિયાન સી.સી.સી.ની પરીક્ષા પાસ કરશે તેમને નિયમિત પગાર ધોરણ અને મૂળ પ્રવરતાના લાભ મળવાપાત્ર થશે. પરંતુ જે કર્મચારીઓ નિયમિત નિમણુંકની તારીખથી બે વર્ષના સમયગાળામાં સી.સી.સી.ની પરીક્ષા પાસ ન કરી શકે તો તેવા કર્મચારીઆને તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે. અને આવા કર્મચારી સી.સી.સી. પરીક્ષા પાસ કરે ત્યારે તેમને પ્રવરતાના હક્કના રક્ષણ વિના સેવામાં પરત લઇ શકાશે."

3. તા.૪-૬-૨૦૦૯ના ઠરાવની શરતો અને બોલીઓના ક્રમાંક-(૧૪) પછી નીચે મુજબની શરત નંબર-(૧૫) દાખલ કરવામાં આવે છે.

"(૧૫) સા.વ.વિ.ના વંચાણ(૧)ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય )નિયમો, ૧૯૬૭ના નિયમ૯.ક.(૩)માં કરવામાં આવેલ સુધારો તા. ૪/૬/૨૦૦૯ ની અસરથી લાગુ પાડવામાં આવેલ છે. આથી તા.૪-૬-૨૦૦૯ના ઠરાવની જે તે વખતે નક્કી કરાયેલ શરતો અને બોલીઓના ક્રમાંક-૧૧(૨)ના કારણે, અગાઉ જે કર્મચારીઓનો કરારીય સમયગાળો સી.સી.સી. પરીક્ષા પાસ ન કરવાના કારણે લંબાવવામાં આવેલ હોય તેવા કર્મચારીઓને પણ

ઉપર મુજબની નવી દાખલ કરાયેલ જોગવાઇ ક્રમાંક-૧૧(૨) મુજબનો લાભ આપવાનો રહેશે અને તેના અનુસંધાને જો કોઇ તફાવતના નાણા આપવાપાત્ર હોય તો તેને ચુકવણું કરવાનું રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એમ.પટેલ)
સેક્શન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો

  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.
- વેબ માસ્ટર

  સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઇલ ગ.પ-શાખા

-------------------

- પત્ર દ્વારા